# OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS
## GENERAL CERTIFICATE OF SECONDARY EDUCATION
# A813
# GUJARATI
### Reading

### SPECIAL SHEET

**WEDNESDAY 8 JUNE 2011: Afternoon**
**DURATION: 1 hour**

**SUITABLE FOR VISUALLY IMPAIRED CANDIDATES**

## INFORMATION FOR CANDIDATES

- **This Special Sheet contains copies of Exercises 3, 4, 5, 6, 7 and 8.**

DC (CW/SW) 11MEP06432 48980/1
© OCR 2011 [D/501/5463]

**EXERCISE 3: QUESTIONS 13 – 18**

**MY HOUSE**

**Read the text.**

**મનિશાઃ** મારા બેસવાના ઓરડામાં બધાંને વાંચવું ગમે. નવલકથાઓ માટે કબાટ સારો છે.

**સાહિલઃ** હું સૂવાના ઓરડામાં દરરોજ પાણીની બાટલી રાખું. તેના માટે એક નાનું મેજ છે.

**હમિદાઃ** મારી મમ્મીને જમવાના ઓરડામાં નાના ગુલાબનો છોડ રાખવો પસંદ છે. તેમાં ઘણા ફૂલ છે.

**સાજનઃ** મારા પપ્પાએ અમારા પ્રવેશખંડમાં દિવાલ પર કુટુંબની છબી રાખી છે. મારી મમ્મી તેને લૂછવાના કપડાથી સાફ કરે.

**રાશીઃ** અમારા બાગમાં નેતરના મેજ અને ખુરશીઓ છે. સારા દિવસોમાં ત્યાં બેસીને જમીએ.

**રોહનઃ** મારી મમ્મી રસોડામાં એક થાળીમાં જુદાં જુદાં ફળ ખાવા માટે મૂકી રાખે.

**જાનકીઃ** અમે ગેરેજમાં મારી રમતગમતની વસ્તુઓ અને મારા ભાઇની સાઇકલ મૂકીએ.

**Garden furniture**



**A**

**Fruit**



**B**

**Bed and bedside table**



**C**

**Family photo**



**D**

**Sports equipment**



**E**

**Rose plant**



**F**

**Bookcase (example)**



**G**

**TV set**



**H**

**EXERCISE 4: QUESTIONS 19 – 24**

**HOLIDAY PLANS**

**Read the text and the questions.**

**A**

| |
|---|
| માયા: કડકડતી ઠંડીમાં મને ના ગમે. હું શિયાળામાં મુંબઇ જેવા ગરમ શહેરમાં રજાઓ ગાળું. |

**B**

| |
|---|
| અમિન: ઊનાળાની રજામાં મારું કુટુંબ ભારતમાં ઊટી જેવી ઠંડી જગામાં જાય. ત્યાં અમે બે અઠવાડિયા માટે બંગલો ભાડે રાખીએ. |

**C**

| |
|---|
| મીરા: હું એપ્રિલની રજાઓમાં પોર્ટુગલ મારા કાકાની ઘરે જઇશ. ત્યાં મારા કાકાની દીકરી સાથે જળક્રિડાઓની મજા કરીશ. |

**D**

| |
|---|
| સૂરજ: મને લાંબી રજાઓમાં મારા નાનીને મળવા કેનિયા જવાનું બહુ મન છે. |

**E**

| |
|---|
| સફીરા: નાતાલની રજાઓમાં મને ઘેર કુટુંબ સાથે બેસીને રમતો રમવાની અને ગપ્પાઓ મારવાની મજા પડશે. |

**F**

| |
|---|
| મહમદઃ તહેવારોની રજાઓ પર હું શહેરમાં મિત્રો સાથે જાઉં. મને નિતનવાં કપડાં લેવાં ગમે. |

**G**

| |
|---|
| રિયા: નિશાળમાં સત્રની વચ્ચે રજા આવશે ત્યારે હું મારી બહેન સાથે બરોડાનું પ્રાણીઘર જોવા જાઇશ. |

**H**

| |
|---|
| રાહુલઃ મેં તો આવતી રજાઓમાં નૃત્યના વર્ગો માટે નામ નોંધાવ્યું છે. |

**EXERCISE 5: QUESTIONS 25 – 31**

**SEEMA'S NEW SCHOOL**

**Read this article.**

## મારી નવી નિશાળ

ચાર વર્ષ પહેલાં અમે નાના રળિયામણા ગામડામાંથી આ ધમાલિયા શહેરમાં રહેવા આવ્યા  કારણ કે ગામડામાં પ્રાથમિક શાળા પછી આગળ ભણવા માટે નિશાળ ન હતી. પહેલાં તો આટલા બધા વિદ્યાર્થીઓને જોઇને ગભરાઇ જતી. તેમજ નિશાળમાં ખોવાઇ જતી અને મારો વર્ગ મળે નહીં.

હું પહેલી નિશાળમાં બધા વિષયો ગુજરાતીમાં હોંશથી ભણતી એટલે આ નિશાળમાં બધું અંગ્રેજીમાં ભણવાનું બહુ અઘરું લાગતું હતું. તેમજ બધા વિદ્યાર્થીઓ પોતાના મિત્રો સાથે મસ્તી કરતા હતા અને મને કોઇ બોલાવતા ન હતા. હું બહુ નિરાશ રહેતી. જૂની નિશાળના મારા મિત્રો બહુ યાદ આવતા.

પછી બધું બદલ્યું. વર્ષની આખરે મેં બધાને આશ્ચર્ય પમાડયા. ગણિતની પરીક્ષામાં મને સૌથી સારા ગુણ મળ્યા તેથી રજાઓ પછી બીજા વર્ષમાં મારા ઘણા મિત્રો બની ગયા. એટલે નિશાળમાં મને આનંદ આવતો.

હું બહુ ખુશ થઇ કે મારા ખંતીલા મિત્રો દીપ અને પરિન મને અંગ્રેજીમાં બહુ મદદ કરતા. તેમાં સુધારો થયો એટલે પછી મારા માટે બધા વિષયો શીખવા સહેલા બન્યા.

BLANK PAGE

## EXERCISE 6: QUESTIONS 32 – 37

## LEENA WRITES ABOUT CELEBRATIONS

**Read her letter.**

..... સીતા, તું લખે છે કે લંડનમાં તારી બહેનના લગ્ન માટે સમાજના કેન્દ્રમાં બહુ વધારે પડતા કાર્યક્રમો હતા. તું જણાવે છે કે તારા મત પ્રમાણે આટલા બધા દિવસની ઉજવણી ના જોઇએ કારણ કે તમને બધાને બહુ થાક લાગ્યો હતો.

અહીં ભારતમાં પણ હવે ગુજરાતીઓ પાસે પૈસા વધવાથી લોકોનું જીવન બહુ બદલ્યું છે. મને લાગે છે કે અહીં સુરત જેવાં શહેરોમાં નાનામોટા બધાંનો બહાર જમવાનો શોખ વધ્યો છે કારણકે તેઓને ચટાકેદાર વાનગીઓ ચાખવી હોય. શનિરવિ તો બધાં ભોજનાલયમાં જ જાય પણ મને તો ચલચિત્ર જોવું ગમે અથવા તરવા જાવું ગમે.

મારા ભાઇ જેવા યુવકો શનિરવિ કોઇને કોઇ બહાને મિજબાની ગોઠવે જેમાં કટકબટક નાસ્તો અને સાથે સંગીત અને નૃત્ય હોય. આવી જગાઓમાં બધાંને બહુ મજા આવે તે સારું કહેવાય. અમુક લોકો દરિયાકિનારે અથવા ક્લબમાં પણ આવા પ્રસંગો ધામધૂમથી ઊજવે. એક વખત મારા ભાઇએ હોડીમાં મિજબાની રાખી હતી તેમાં મને આનંદ આવ્યો હતો.

હું માનુ છું કે બહારના કે લગ્નના જમવાનામાં તેલ, ઘી, ખાંડ અને મસાલા મોટા પ્રમાણમાં વાપરેલા હોય તે કોઇક વાર બરાબર પણ એવો ચરબીવાળો ખોરાક વારે વારે લઇને તો બીમાર થવાય અથવા સ્થૂળજ બની જવાયને?

લિ. લીના

EXERCISE 7: QUESTIONS 38 – 44

WEATHER IN GUJARAT

Read Kala's article.

હવામાન આપણા જીવનમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. તેમાંયે યોગ્ય પ્રમાણમાં વરસાદ આપણે માટે બહુ જરૂરી છે જેથી પીવા માટે તેમજ દરેક ઘરોમાં અને દરેક કામની જગાઓમાં આપણને પાણી મળી રહે. વળી ખેડૂતો વરસાદ વગર અનાજ કેવી રીતે ઊગાડી શકે?

ગુજરાતની કેવી પરિસ્થિતી છે તે જાણવા હું કાયમ ગુજરાતી છાપામાં જરા નજર ફેરવી જાઉં. ભારતમાં ઉનાળાના ચાર મહિનાની ગરમીથી લોકો કંટાળી ગયા હોય એટલે વરસાદની ઋતુની આતુરતાથી રાહ જોવાતી હોય. દર વર્ષે જૂન મહિનાથી વર્તમાનપત્રોમાં વરસાદની માહિતી શરૂ થઇ જાય.

૨૦૦૯ની સાલમાં સમાચાર હતા કે જૂન મહિનામાં ગુજરાતમાં ઘણી જગાએ વરસાદ બિલકુલ દેખાયો ન હતો પણ દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ પડ્યો હતો. તેમ છતાં પશ્ચિમ ગુજરાતમાં સારા પ્રમાણમાં વરસાદ પડવાથી લોકો ખુશ હતાં. જ્યારે દ્વારકામાં તો અણધાર્યું ભારે વાવાઝોડું પણ ફૂંકાયું હતું અને લોકો ખૂબ ગભરાઇ ગયા હતાં. તે ઉપરાંત દરિયામાં ઊંચા ઊંચા મોજાંઓને કારણે બે હોડીઓ ઊંધી વળીને ડૂબી જતાં વાતાવરણ ગંભીર હતું.

જુલાઇ ૨૦૦૯ની સાલમાં ઉત્તર ગુજરાતમાં બહુજ ઓછો વરસાદ પડવાથી ખેડૂતોમાં ચિંતા ફેલાઇ હતી કે તેઓ બહુ પૈસા ગુમાવશે. બરોડાથી મારી એક મિત્રએ ઇ-મેઇલમાં જણાવ્યું હતું હતું કે તેઓ અસાધારણ રીતે નસીબદાર કે થોડોક વરસાદ પડ્યો, જ્યારે પંજાબમાં જ્યાં સામાન્ય રીતે ખૂબ અનાજ ઊગતું હોય છે ત્યાં તો જમીન સાવ જ સૂકી હતી. આથી સરકારે એ રાજ્યમાં દુકાળ જાહેર કર્યો હતો.

**EXERCISE 8: QUESTIONS 45 – 49**

**THE OLYMPIC GAMES: PAST, PRESENT AND FUTURE**

**Read the two e-mails and the questions.**

પ્રિય બિરેન

અહીં લંડનમાં મુખ્ય વિસ્તાર "ઓલિમ્પિક બાગ" દુનિયાની રમતગમત ૨૦૧૨ની ઓલિમ્પિક્સ માટે તૈયાર થશે. આ બાગના એક ભાગમાં ભવ્ય ક્રીડાંગણ મોટે ભાગે તૈયાર થવા આવ્યું છે.

અમારા વર્ગમાં આ વિષે ઘણી ચર્ચા થતી હોય છે. આથી મને જાણવા મળ્યું છે કે શિક્ષણમાં રસ હોવાથી ફ્રેન્ચ વ્યકતિ પિયેર કુબેર્ટને આધુનિક ઓલિમ્પિકની શરૂઆત કરેલી હતી. તેમને રમતો દ્વારા શારિરીક તેમજ માનસિક સફળતાની રચના કરવી હતી.

એમનું માનવુ હતું કે આ રમતોમાં એકબીજાનું માન રાખવા ભાગ લેનારે ન્યાયપૂર્વક તેમજ પોતાની તંદુરસ્તીને કે પર્યાવરણને હાની ન થાય તેવી રીતે રમવું જોઇએ. બીજું એ કે પોતાની ઉત્તમ કામગીરી બતાવવા જીવનમાં અને રમતગમતના મેદાનમાં પોતાના ધ્યેયથી આગળ વધવું. તે ઉપરાંત બીજા ભાગ લેનારાઓ સાથે મૈત્રીભાવ રાખવો.

ઓલિમ્પિક્સને લીધે છેલ્લા બે વર્ષથી ઇંગ્લેન્ડમાં રમતગમતમાં ઘણી વધારે તકો મળે છે. મેં દોડવામાં સારી પ્રગતિ કરી છે અને હવે મને ભણવામાં વધારે રસ પડે છે. ઓલિમ્પિક માટે તારા વિચારો જણાવજે.

લિ. રવિ

**Read Biren's reply**

પ્રિય રવિ

તું જાણે છે કે લંડન ૨૦૧૨ની રમતોના કાર્યકર્તાઓએ “આંતરરાષ્ટ્રીય પ્રેરણા” નામની એક યોજના બનાવી છે, જેથી દુનિયાના ઘણા દેશોના બાળકો અને યુવાનોને રમતોમાં રસ લેવા ભાવના જાગે. આ યોજનાથી ભારતના ગરીબ કુટુંબોમાંથી આવતા હજારો યુવાનોને શારિરીક શિક્ષણ અને રમતગમત માટે ઘણી સારી તાલીમ મળે છે જેથી તેઓના જીવન બદલવામાં મદદ થશે.

અમારા ગામમાં પણ એક શિક્ષક અમને રમતો માટે સરસ તાલીમ આપે છે એટલે હું હવે ફૂટબોલ ઘણું સારું રમી શકું છું.

લિ. બિરેન

BLANK PAGE

BLANK PAGE

OCR
RECOGNISING ACHIEVEMENT

**Copyright Information**

**OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.**

**If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.**

**For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.**

**OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.**